સ્નેહતંતુના તાણાવાણા

લેખક : પૂ. આ. મ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરપ્રશિષ્ય પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજીના પ્રશિષ્ય
પૂજ્ય મુનિ શ્રી ધુરંધરવિજયજી

કુસુમવનના સૌંદર્યને જાણે હિમવર્ષાએ ઠીંગરાવી નાખ્યું હતું : નયનમનોહર સાકેતનગરીનાં સુંદર રાજમાર્ગો અને એની નમણી શેરીઓ આજે એક વિચિત્ર દૃશ્યથી વિરૂપ બની ગયાં હતાં.

એક બાવરી નારી એક પુરુષના શબને ખભે નાખીને શેરીઓ અને રાજમાર્ગો વટાવીને સ્મશાનભૂમિ તરફ નાસી રહી હતી—જાણે કોઈ મહાભય પાછળ પડ્યો હોય અને એનાથી નાસી છૂટવા મથતી હોય એમ એ ઝડપથી ચાલી જતી હતી. એના પગ જાણે ધરતીને સ્પર્શતા જ ન હતા. અને પૂર્ણકાય પુરુષના શબનો ભાર એને જરાય થકવતો ન હતો. એ શબનું બેડોળ રૂપ અને એમાંથી પ્રસરતી દુર્ગંધ પણ એને અકળાવી શકતાં ન હતાં. એના અંતરમાં તો એક જ રટના હતી : ક્યારે દયા–માયા વગરનાં માનવીઓથી ઊભરાતું આ નગર દૂર થાય અને ક્યારે હું મારા આ પ્રિયતમની સાથે વનવગડાના વેરાન, શાંત, એકાંત સ્થાનમાં જઈ પહોંચું.

તમાશાને તેડાની જરૂર ન હોય : એ જ્યાં જ્યાંથી પસાર થતી ત્યાં ત્યાં નગરનાં નર-નારીઓ ટોળે વળતાં. કોઈ એની વેદનાભરી દશા જોઈ કરુણાભર્યો નિસાસો નાખતાં; તો કોઈ વળી ભૂતનો વળગાડ વળગ્યો હોય એવી ગહેલિક જેવી એની દશા જોઈને કતૂહલને લઈને એનો ઉપહાસ કરવામાં આનંદ માનતાં.

પણ એ નારીને તો ન એ કરુણાની કોઈ કિંમત હતી કે ન લોકોના કુતૂહલ તરફ કોઈ અણગમો હતો. પ્રાણપ્રિય પતિના વિચારમાં એનું સંવેદનમાત્ર મુરઝાઈ ગયું હતું. દોરંગી દુનિયાની પણ એને કશી ખેવના રહી ન હતી !

ભલા એવું તે શું બન્યું હતું કે એક નારી પોતાના પતિના મૃત દેહને ઊચકીને આમ દર-બ-દર ભટકતી ફરતી હતી? સાંભળો ત્યારે એ વાત :—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાકેતનગરના વૈશ્રમણ શ્રેષ્ઠી ભારે વૈભવશાળી પુરુષ હતા. જેવા એ રાજમાન્ય હતા એવા જ લોકમાન્ય હતા. એમનો પુત્ર પ્રિયંકર સાચે જ, સૌને પ્રિય થઈ પડે એવો રૂપ-ગુણ-સંપન્ન હતો. યૌવનના ઉંબરે પગ મૂકતાં મૂકતાં તો એ કામદેવ જેવો રૂડો અને કામણગારો બની ગયો હતો.

પાડોશમાં જ પ્રિયમિત્ર શ્રેષ્ઠી રહે. વૈશ્રમણ શ્રેષ્ઠીના એ પરમ મિત્ર. એમને એક પુત્રી. સુંદરી એનું નામ. સુંદરી તો સાચે જ સૌંદર્યની અધિષ્ઠાત્રી હતી. સૂરજ-ચાંદાનાં તેજ લઈને સોના-રૂપાના રસે રસી હોય એવી તેજના અંબાર રેલાવતી ઊજળી એની કાયા હતી. એના અંગ-અંગમાંથી રૂપ–લાવણ્ય–સૌંદર્યની આભા નીતરતી. યૌવનમાં પ્રવેશતી સુંદરીની દેહવલ્લરી જાણે રતિના સૌંદર્યવૈભવને માત કરી રહી!

પ્રિયંકરનું તરવરતું યૌવન; સુંદરીનું રસઝરતું યૌવન: જાણે યૌવન યૌવનને અણુ-સાંભળ્યો સાદ દઈ રહ્યું. બન્નેનાં અંતરની અણકથી કથા બન્નેનાં માતા-પિતાનાં અંતરને સ્પર્શી ગઈ. માતા-પિતાએ અનુમતિ આપી; પ્રિયંકર અને સુંદરી લગ્નબંધનથી બંધાઈને એકરૂપ બની ગયાં. જાણે બે દેહમાં તેઓ પ્રાણનું અદ્વૈત રચી રહ્યાં! સ્નેહની સરિતામાં સ્નાન કરતી એ જુગલજોડીને જોઈને જગતની આંખો ઠરતી!

પણ પ્રેમના દેવતાએ થોડા જ વખતમાં એ જોડીની આકરી કસોટી શરૂ કરી: પ્રિયંકર ખૂબ માંદો પડી ગયો. ઔષધ–ઉપચાર અને વૈદોની તો ત્યાં કોઈ કમી ન હતી, અને સુંદરીની સેવા–ચાકરીમાં પણ કશી જ ખામી ન હતી, પણ રોગ કોઈક એવું વિકરાળ રૂપ લઈને આવ્યો હતો કે જેમજેમ ઉપચારો આગળ વધતા તેમતેમ રોગ પણ ઉગ્ર બનતો જતો હતો! સુંદરીની ચિંતાનો કોઈ પાર ન હતો. એની વેદનાને કોઈ અવધિ નહોતી રહી. એ પોતે જ જાણે જીવલેણ વ્યાધિની અસહ્ય વેદના અનુભવી રહી: ન ખાન-પાન, ન ઊંઘ-આરામ, ન સુખ-ચેન! એ પ્રિયંકરની પીડા જોતી અને એનું અંતર બેચેન બની જતું. અમંગળ ભાવીનો વિચાર એના હૈયાને વલોવી મૂકતો. એ તો પ્રિયંકરની સેવા અને પ્રિયંકરના મંગળ સિવાય બીજું બધું જ વીસરી ગઈ હતી. એનું રોમ રોમ મારો પ્રિયંકર ક્યારે જલદી સાજો થાય એની જ માળા જપ્યા કરતું હતું.

પણ વૈદ્યોનાં નિદાન, ઔષધના ઉપચાર અને સુંદરીની સેવા—એ બધાંયને કમનસીબ ભવિતવ્યતાએ નિષ્ફળ બનાવ્યાં! ભર્યાભર્યા ઘરને સૂનું બનાવીને અને સૌ સ્વજનોને વિલાપ કરતાં મૂકીને પ્રિયંકર ચાલતો થયો! સાથે જાણે એ શાણી સુંદરીની બુદ્ધિને હરતો ગયો!

થોડીવાર તો સુંદરી સર્વનાશની કારમી વેદના અનુભવી રહી: એનો પ્રિયંકર એને એકલી–અટૂલી–રઝળતી મૂકીને સ્વર્ગનાં સુખ માણવા ચાલ્યો ગયો? હવે મારું કોણ? પોતાના વૈધવ્યના વિચારથી એ પળવાર સ્તબ્ધ બની ગઈ. બીજી જ પળે એના અંતરમાં અસહ્ય કડાકો થયો અને એની સૂધબૂધ સર્વ હરાઈ ગઈ!

એનો સુંદર ચહેરો વિકરાળ બની ગયો. એના રોમરોમ ઉપર જાણે બહાવરાપણાની અસર વ્યાપી ગઈ. સુંદરી પ્રિયંકરના દેહને વળગીને જાણે હજીય એની સેવા–શુશ્રૂષા કરતી હોય એવા ચેનચાળા કરવા લાગી અને બબડવા લાગી: "મારા નાથ! મારા સ્વામી! તમને હમણાં સારું થઈ જશે. તમે ચિંતા ન કરશો. હું જીવતી છું ત્યાં સુધી કોઈથી તમારો વાળ પણ વાંકો થઈ શકવાનો નથી!"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુંદરીનું એ રૂપ જોઈ સ્વજનો શેહ ખાઈ ગયા : આ સુંદરી! પણ કોઈ કંઈ બોલી શક્યું નહીં. વાતાવરણમાં જાણે અસહ્ય સ્તબ્ધતા છવાઈ ગઈ!

થોડી વારે સૌ સ્તબ્ધતામાંથી જાગ્યા અને પ્રિયંકરના અંતિમ સંસ્કારની તૈયારી કરવા લાગ્યા. એ તૈયારી પણ થઈ ચૂકી. હવે તો શબને બાંધવામાં આવે એની જ રાહ જોવાતી હતી. સ્વજનો બધા ભેગા થઈ ગયા હતા.

પણ સુંદરીને એ શબ પાસેથી દૂર કેવી રીતે કરવી? અને એ કામ કોણ કરે? થોડી વાર તો આ માટે કોઈ હિંમત કરીને આગળ ન આવ્યું. પણ શબને આમ ને આમ ઘરમાં કેટલી વાર રહેવા દઈ શકાય?

છેવટે બે જણા હિંમત કરીને શબની પાસે ગયા, અને શબને ગાઢ આલિંગન દઈને બેઠેલી સુંદરીને ધીમેથી દૂર કરીને શબને ઊંચકવાની તૈયારી કરવા લાગ્યા.

પણ એમનો સ્પર્શ થતાં જ સુંદરી વીફરેલી વાઘણની જેમ તાડૂકી ઊઠી : "ખબરદાર, મારા પ્રિયંકરને હાથ અડાડ્યો છે તો! હું જાણું છું, યમરાજના દૂત બનીને તમે બધા મારા પ્રિયંકરના પ્રાણ હરવા આવ્યા છો! પણ હું જીવતી-જાગતી બેઠી છું ત્યાં સુધી મારા સ્વામીને કોઈ કશું નહીં કરી શકે! ચાલ્યા જાઓ પાપિયાઓ! અમને હેરાન ન કરો!"

સુંદરીની સિંદૂર ઝરતી આંખો અને એનો વિકરાળ ચહેરો જોઈને આવનારા પાછા હઠી ગયા, ભય ખાઈ ગયા. સૌને સુકુમાર સૌંદર્યવતી સુંદરીમાં આજે ચંડીનું બિહામણું સ્વરૂપ દેખાયું! સૌ વિમાસણમાં પડી ગયા : આવી પાગલ નારીને કોણ સમજાવે? કોઈને કંઈ માર્ગ ન સૂઝ્યો. સૌ એકબીજાની સામે જોઈ રહ્યા.

વૈશ્રમણ શ્રેષ્ઠી અને પ્રિયમિત્ર શ્રેષ્ઠીના દુઃખને કોઈ અવધિ ન હતી. એકનો પ્રાણપ્રિય પુત્ર અકાળે મરણ પામ્યો હતો; બીજાની કુસુમકળી જેવી ઊછરતી પુત્રીના માથે વૈધવ્યનો વજ્રપાત થયો હતો. અધૂરામાં પૂરું સુંદરી નેહઘેલછાને પરવશ બનીને સાનભાન ખોઈ બેઠી હતી—આળા ઘા ઉપર જાણે મીઠું છંટાયું હતું!

છેવટે પ્રિયમિત્ર શ્રેષ્ઠી મનને કઠણ કરીને સુંદરીની પાસે ગયા. એમણે સુંદરીની પાસે બેસીને એના માથે વાત્સલ્યપૂર્વક હાથ ફેરવ્યો. પણ શું કહેવું એ માટે એમની જીભ તો ઊપડતી જ ન હતી! સુંદરી પળવાર કંઈક શાતા અનુભવી રહી; પિતાની સામે ટગર ટગર જોઈ રહી. સ્વજનોને લાગ્યું કે વાત કદાચ ઠેકાણે આવી જશે.

પિતાએ અચકાતે અચકાતે કહ્યું : "બેટા, અંદર ઓરડામાં તારી મા પાસે જા, અને અમને અમારું કામ કરવા દે! કેવી શાણી મારી દીકરી!"

"તમારે શું કામ કરવું છું? અને એમાં હું ક્યાં આડે આવું છું?" સુંદરીએ વિચિત્ર પ્રકારના ચાળા પાડતાં કહ્યું.

"આ પ્રિયંકર ગુજરી ગયા છે. એમના મૃત દેહને વળગીને આવી રીતે કંઈ બેસી રહેવાય? લોકો હાંસી કરે! જા, તારી મા અંદર તારી રાહ જુએ છે."

સુંદરીએ ચીસ પાડીને કહ્યું : "કોણ, મારો પ્રિયંકર ગુજરી ગયો એમ તમે કહો છો? હું જીવતી હોઉં અને એ મરે એ બને જ નહીં! તમે બધા જુઠ્ઠા છો અને મારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વામીને મારવા બેઠા છો! એના બદલે તમે જ બધા મરો ને! મારો પ્રિયંકર તો સો વરસનો થશે! જુઓ, એ મને કંઈક વાત કરવા માગે છે! દૂર હટી જાઓ તમે બધા."

પિતાનું હૈયું ભાંગી ગયું : અરેરે, પોયણા જેવી પુત્રીનું આ તે કેવું દુર્ભાગ્ય!

વૈશ્રમણ શ્રેષ્ઠી અને બીજાની સમજૂતી પણ નકામી ગઈ: સુંદરી પ્રિયંકરના શબથી તસુભર પણ આઘી ન ખસી. હવે શું કરવું એની સૌ લાચારી અનુભવી રહ્યા. ધીમે ધીમે સ્વજનો વિદાય થયા. બાકી રહ્યા બે ઘરના સ્વજનો. ગામ આખામાં સુંદરીની નેહ-ઘેલછાની વાત પસરી ગઈ.

બન્ને મિત્ર–વેવાઈઓએ મન વાળ્યું કે દુઃખનું ઓસડ દાડા! વખત વીતશે એટલે આપોઆપ સુંદરીનું ભાન ઠેકાણે આવશે. પણ એમની એ આશા ઠગારી નીવડી : ઘડી વીતી, પ્રહર વીત્યો, દિવસ પણ આથમ્યો, છતાં સુંદરી ત્યાંથી બેઠી ન થઈ તે ન જ થઈ!

પછી તો શબ ગંધાવા લાગ્યું અને સ્વજનો વારે વારે સમજાવવાને બદલે સતામણી કરવા લાગ્યા. છતાં સુંદરીને પ્રિયંકર મરી ગયો છે એ ન સમજાયું તે ન જ સમજાયું! એને તો દૃઢ આસ્થા હતી કે મારો પ્રિયંકર મરે નહીં અને મને એકલી મૂકીને ક્યાંય જાય નહીં. આ બધા મારા વેરી બની બેઠા છે! મંત્ર–તંત્રવાદીઓના પ્રયોગો અને સખી-ઓની નિંદા પણ નકામાં નીવડયાં!

છેવટે સગાંઓની સતામણી અસહ્ય બની એટલે પ્રિયંકરના શબને ઊચકીને ખભે નાખીને એ ઘર છોડીને ચાલતી થઈ. ઘર એને મન સ્મશાન જેવું અકારું થઈ પડ્યું હતું; એ અત્યારે સ્મશાનની ભૂમિને ઝંખતી હતી અને નગરની શેરીઓ અને નગરના રાજમાર્ગો વીંધીને ઝડપથી સ્મશાન તરફ જઈ રહી હતી.

આ કૌતુકને જોનારાઓનો કોઈ પાર ન હતો, પણ એના માર્ગને રોકનાર ત્યાં કોઈ ન હતું!

*

સુંદરીએ તો સ્મશાનમાં વાસ કર્યો હતો, પણ એની કહાની ઘર ઘરમાં ચાલતી હતી!

પ્રિયંકર અને સુંદરીનાં માતા-પિતાની દશા તો કરુણાનેય આંસુ આવે એવી થઈ ગઈ હતી : કેવી શાણી–સમજણી દીકરી! અને એને કેવો ભયંકર વળગાડ વળગ્યો હતો! ભૂત–ડાકણનો વળગાડ પણ આના કરતાં સારો!

શબ તો દુર્ગંધનો પૂડો અને કીડાઓનું ધામ બન્યું હતું. પણ સુંદરીને ન એની કોઈ સૂગ હતી કે ન એનું જરાય વિસ્મરણ થતું હતું! એ તો આઠે પ્રહર અને સાઠે ઘડી એની પાસે જ બેસી રહેતી અને જાણે બીમાર પ્રિયંકરની સેવા કરતી હોય એવા જ ચાળા કર્યા કરતી. એનાં ઊંઘ અને આરામ, ક્ષુધા અને તૃષા હરાઈ ગયાં હતાં. એનું પોતાનું જ રૂપ એવું બિહામણું બની ગયું હતું કે ભય પણ એનાથી જાણે સો ગાઉ નાસતો!

પ્રિયંકર વગરના જીવનની એ કલ્પના જ નહોતી કરી શકતી. અને ચિરંજીવ પ્રેમની ભ્રમણામાં એ એક અતિકરુણ ભ્રમણાની જાળ રચી બેઠી હતી કે "મારો પ્રિયંકર તો અમર છે! એ મૃત્યુ પામી શકે જ નહીં!" આવી પ્રેમદીવાની નારીને કોણ સમજાવી શકે કે એનો પ્રિયંકર ક્યારનો એને છોડી ગયો છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છેવટે કોઈ જ ઉપાય બાકી ન રહ્યો એટલે સુંદરી અને પ્રિયંકરના પિતાએ રાજદરબારે મદન રાજા પાસે ધા નાખી : " મહારાજ ! કૃપા કરો અને અમને અમારી આ ઉપાધિમાંથી ઉગારી લ્યો. ન સુંદરીનું દુઃખ જોયું જાય છે, ન લોકનિંદા બરદાસ્ત થાય છે. પ્રિયંકરને તો હવે આ દુનિયા સાથે કશી લેવાદેવા નથી રહી, પણ એના વિકૃત થયેલા શબને જોઈને હૈયું હાથમાં નથી રહેતું ! હે ભગવાન, આ તે કેવો પાપનો વિપાક ! મહારાજ, આનો ઉપાય સત્વર યોજો ! અમારા માટે તો જીવવું હરામ બની ગયું છે."

મદન રાજા આ કરુણ–દારુણ કથા સાંભળીને લાગણીવશ બની ગયા. પણ આમાં શું કરવું એ એમને પણ ન સૂઝયું : કોઈ ચોર કે ખૂની હોય તો એને કેદમાં પુરાય, સજા પણ કરાય; પણ આવી ભાનભૂલી નારીની સાન કેવી રીતે ઠેકાણે લાવી શકાય ?

યુવરાજ અનંગકુમાર પાસે જ બેઠો હતો. હતો તો એ રાજકુમાર અને શૂરાતન એના અંગઅંગમાં ઊભરાતું હતું : ભારે તરવરિયો યુવાન ! પણ એના અંતરમાં કરુણાનો વાસ હતો. કોઈનું થોડું પણ દુઃખ જોતો અને એનું હૈયું માખણના પિંડની જેમ ઓગળવા લાગતું. એને એમ જ થતું કે હું એવું તે શું કરું કે જેથી આ દુનિયાનું દુઃખ દૂર થઈ જાય—જાણે કોઈ પૂર્વભવના કરુણા–મહાકરુણાના સાધક સંતે રાજકુમાર રૂપે ધરતી ઉપર અવતાર ધારણ કર્યો હતો.

એણે પિતાને કહ્યું : " પિતાજી, મેં આ સઘળી વાત જાણી છે. પ્રેમપિશાચના વળગાડે આવી શાણી નારીને ઘેલી બનાવી દીધી છે. એનો આ વળગાડ શિક્ષાથી કે લાલચથી નહીં પણ બુદ્ધિપૂર્વકના સહાનુભૂતિભર્યા પ્રયત્નથી જ દૂર થઈ શકશે. આપની અનુમતિ હોય તો હું આ કાર્ય કરવા તૈયાર છું."

રાજાજીએ પ્રસન્ન થઈને કહ્યું : " કુમાર, આવા વિચિત્ર કામનું જોખમ ખેડવાની તને આજ્ઞા આપતાં મનમાં સંકોચ થાય છે. પણ પ્રજાનું દુઃખ આપણે દૂર ન કરીએ તો બીજું કોણ કરે ? આમાં પાછા રહીએ તો આપણે ફરજ ચૂકયા ગણાઈએ. તને મારી અનુમતિ છે. યોગ્ય લાગે તે ઉપાય દ્વારા સુંદરીનું ગાંડપણ દૂર કરીને આપણા નગરની શોભા સમા આ શ્રેષ્ઠીઓ ઉપર ઉપકાર કર ! "

અનંગકુમારે પિતાની આજ્ઞા શિરે ચડાવી. સત્કાર્ય કરવાનો અવસર મળ્યાથી એ આનંદ અનુભવી રહ્યો.

*

સ્મશાનમાં હવે એકના બદલે બે ઘેલાં ભેગાં થયાં હતાં !

લોકોએ જોયું કે પેલી નેહઘેલી સુંદરી પ્રિયંકરના સડતા–ગંધાતા શબ પાસેથી હજી પણ પળભર માટેય આઘી જતી જ નથી ! ત્યાં વળી એ જ ઠેકાણે એવી બીજી બલા આવી પહોંચી : એક ચીંથરેહાલ મેલોઘેલો પુરુષ એક રૂપાળી સ્ત્રીનું શબ લઈને સ્મશાનમાં જઈ પહોંચ્યો, અને જાણે એ સ્ત્રી જીવતી હોય એ રીતે જ એની આગતાસ્વાગતા કરવા લાગ્યો !

કોઈ પૂછતું તો એ અજબ ચેનચાળા કરીને એટલો જ જવાબ આપતો : " આ તો મારી પ્રાણપ્રિયા માયાદેવી છે ! બેવકૂફ દુનિયા એને મારી નાખવા બેઠી છે ! પણ મારી જુએ તો ખરી ! " અને પૂછનારા ભય પામીને ચાલતા થતા !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુંદરીની નજર એ પાગલ પુરુષ ઉપર પડી, પણ એની સાથે વાત કરવાનું એને મન ન થયું. પેલો પાગલ પણ એની સાથે કશું ન બોલ્યો. બે દીવાનાઓની વચ્ચે જાણે મૌનની દીવાલ ચણાઈ ગઈ! એક આખો દિવસ આમ ને આમ એકબીજાને જોવામાં જ વીતી ગયો! પણ બનાવ એવો વિચિત્ર હતો કે જીભ સળવળ્યા વગર રહી ન શકે. શબની સાથે હાવભાવ અને વાતો કરતા પેલા પાગલને જોઈને, જાણે પોતે ડાહી હોય એમ, સુંદરીએ પૂછ્યું: "આર્ય! તમે આ શું કરી રહ્યા છો?"

"તારે એની શી પંચાત?" પાગલ પુરુષે એને તરછોડી નાખી.

"પંચાત તો કશી નથી. તોય જરા વાત તો કરો, આ કોણ છે?" સુંદરી ઉત્સુકતા અનુભવી રહી.

"અરે બાઈ, તુંય ખરી લપિયણ છો! આ કોણ અને હું કોણ એ જાણીને તારે શું કામ છે? તું તારું જ સંભાળી શકે તો ઘણું!" પાગલે સુંદરીને ઉશ્કેરવા કહ્યું.

"પણ ખરી વાત કરવામાં તમારું જાય છે શું? બે માનવી ભેગાં થાય ત્યારે એકબીજાને કંઈ પૂછેકરે એમાંય તમને વાંધો!"

પેલા પુરુષે નેહની ઘેલછાના ચાળા કરતાં રહ્યું: "જો ને બહેન, આ મારી સોહાગિણી પ્રિયતમા છે. જો તો ખરી એનું રૂપ! અદેખી દુનિયાથી એ દેખ્યું જતું નથી. એક વાર એ થોડીક માંદી પડી તો બધાં કહેવા લાગ્યાં, આ તારી વહુ મરી ગઈ છે! અને બધાં એને સ્મશાનમાં લઈ જવા તૈયાર થઈ ગયાં. લુચ્ચા નહીં તો! એમની આવી વાતો સાંભળીને હું ગભરાયો, અને એમનાથી મારી જાતને અને મારી પ્રિયાને બચાવવા અહીં એકાંતમાં નાસી આવ્યો! અહીં બધું સલામત છે."

સુંદરી તો હવે ડાહી ડાહી વાતો કરવા લાગી: "ભાઈ, તમે અહીં મારી ભાભીને લઈને નાસી આવ્યા તે બહુ સારું કર્યું. પાપી અને જુઠ્ઠા લોકો હવે તમને કંઈ નહીં કરી શકે. બળી એ લોકોની દુનિયા!"

ધીમેધીમે બે ગાંડાંઓ વચ્ચે મિત્રતા બંધાતી ગઈ, અને વિશ્વાસ વધતો ગયો. લોકોથી દૂરની આ દુનિયામાં બેય સરખાં દુખિયારાં હતાં!

એક વાર પુરુષે મમતા બતાવીને પૂછ્યું: "તારું અને મારા આ બનેવીનું નામ તો કહે."

સુંદરીએ પોતાનાં નામ કહ્યાં. પેલા પુરુષે પોતાની પ્રિયતમાનું નામ માયાદેવી કહ્યું. પછી તો એકબીજા એકબીજાના જણને સાચવવાનું ભળાવીને આઘાંપાછાં પણ થવા લાગ્યાં.

આ બધી યુક્તિ અનંગકુમારે કરી હતી. અને ધીમે ધીમે એ સફળ થતી જતી હતી. એને તો ગમે તેમ કરીને સુંદરીનો ઉદ્ધાર કરવો હતો અને એનાં માતા-પિતા અને સાસુ-સસરાનું દુઃખ દૂર કરવું હતું. એ માટે એણે સ્મશાનનો વાસ સ્વીકાર્યો હતો. એ ખૂબ ચકોરતાપૂર્વક પોતાની યોજનાને આગળ વધારવા લાગ્યો.

પ્રેમની દીવાલ વજ્રથી પણ મજબૂત હોય છે. ગમે તેવા કષ્ટ સામે પણ એ ટકી રહે છે. પણ પ્રેમમાં બેવફાઈની આશંકા સમી નાની સરખી કાંકરીનો ભાર એ ઝીલી શકતી નથી. નેહમાં જરાક શંકા ઊભી થઈ કે નેહ જમીનદોસ્ત!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંગકુમાર આ વાત બરાબર જાણતો હતો. એણે એક વાર ખૂબ ઉશ્કેરાયેલા સ્વરે સુંદરીને કહ્યું : "હવે મારે અહીં નથી રહેવું; હું આજે જ બીજે ચાલ્યો જઈશ."

આશ્ચર્યથી ચમકીને સુંદરીએ પૂછયું : "કેમ, એવું તે એકદમ શું થયું ?"

"અરે ! શું થયું શું ! આજે તું બહાર ગઈ હતી અને હું જરાક આઘો હતો એવામાં મારા કાને કોઈના હાસ્યનો અવાજ અથડાયો. હું ચમકી ગયો, અને મેં જોયું કે તારો પ્રિયંકર મારી માયાદેવી સાથે છાનીછાની વાત કરતો હતો અને ચેનચાળા કરતો હતો. અને બેય હાંસી–ઠઠ્ઠામાં જાણે બધી લાજ–શરમ ખોઈ બેઠાં હતાં ! હું પાસે આવ્યો કે બેય ચૂપ ! બહેન, જો આવું જ ચાલ્યાં કરે તો તો હું કો'કવાર રંડાઈ જ જાઉં ને ! નફ્ફટ પુરુષને પારકી સ્ત્રીને ઉપાડી જતાં શી શરમ ?"

સુંદરી પળવાર તો ઘાયલ મૃગલીની જેમ તરફડી રહી. અને પછી એનું મગજ ક્રોધને વશ થઈ ગયું. એને પ્રિયંકર ઉપર ખૂબ તિરસ્કાર આવ્યો : જેના માટે હું આટ-આટલાં દુઃખ વેઠું છું તે આવો બેવફા ! અનંગકુમારની યુક્તિનું તીર બરાબર કામ કરી ગયું હતું. પણ એ વખતે એણે સુંદરીને સમજાવીને શાંત પાડી.

પણ હવે કામ પૂરું કરવાની ઘડી પાકી ગઈ હતી. સુંદરીનું મન નેહની ઘેલછાના વળગાડથી મુક્ત થવા લાગ્યું હતું. બીજે દિવસે સુંદરી જરાક આઘી ગઈ કે અનંગકુમારે બન્ને શબોને ઉપાડીને પાસેના કૂવામાં નાખી દીધાં; અને પછી પોતાની જગાએ આવી પોક મૂકીને રોવા બેઠો !

સુંદરી દોડતી દોડતી પાછી આવી. જોયુ તો એકે શબ ત્યાં ન મળે, અને માયાનો પતિ ત્યાં વિલાપ કરતો બેઠો હતો ! એ તો હેબતાઈ ગઈ : પળવારમાં આ શું થઈ ગયું ?

સુંદરીએ બહુ બહુ કાલાવાલા કર્યા ત્યારે અનંગકુમારે કહ્યું : "બહેન, તને શું કહું ? તું આમ ગઈ અને હું જરા પેલી બાજુ ગયો, એવામાં, મારી નજર ચુકાવીને, બેય નાસી ગયાં અને હું આંખો ચોળતો રહી ગયો ! મારું તો બધુંય લૂંટાઈ ગયું ! હવે હું એકલો શું કરીશ અને કેમ કરી જીવી શકીશ ?"

સુંદરીના ગાંડપણનું ઝેર હવે ઊતરી ગયું હતું. એણે લાગણીભીના સાદે કહ્યું : "ભાઈ, હું તારી બહેન જીવતી–જાગતી બેઠી છું, પછી તું એકલો શાનો ? એ બેનાં મનમાં પાપ વસ્યું હતું ! એવાં પાપિયાં તો નાસી ગયાં જ સારાં ! એમનાં કર્યાં એ ભોગવશે ! આપણે બેય ભાઈ-બહેન વીતરાગ ભગવાનનું નામ લઈ આપણું ભલું કરીશું !"

અનંગકુમારને જે જોઈતું હતું તે મળી ગયું.

તરત જ બન્ને સ્મશાનમાંથી પાછાં ફર્યાં. પાછાં ફરતી વખતે અનંગકુમારે સુંદરીને ધર્મની કંઈ કંઈ વાતો કરીને એની ધર્મશ્રદ્ધાને દૃઢ બનાવી. અનંગકુમાર બરાબર સમજતો હતો કે આવી નાની વયની વિધવા નારીને માટે ધર્મના આશ્રય સિવાય બીજો એક પણ તરણોપાય ન હતો; અને એને આધારે જ એના જીવનની પવિત્રતા સચવાઈ રહેવાની છે.

પોતાની વાત સુંદરીને સમજાવવાની અનંગકુમારને અત્યારે જે સોનેરી તક મળી ગઈ, એનો એણે પૂરેપૂરો ઉપયોગ કરી લીધો. ગમે તેમ કરીને પારકાનું ભલું કરવું એ જ જાણે એનું જીવનકાર્ય બની ગયું હતું; પારકાના ભલામાં જ એ પોતાનું ભલું જોતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુંદરી પણ સુપાત્ર નીવડી. અનંગકુમારે કહેલી ધર્મની વાતો અને હિતશિખામણો એણે પોતાના હૃદયકચોળામાં સંઘરી લીધી. અને, કથા તો એમ કહે છે કે, એના પ્રતાપે સુંદરીના અંતરમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો અપૂર્વ પ્રકાશ રેલાવાનો પ્રારંભ થયો. સુંદરી સાવ બદલાઈ ગઈ. દેહની સુંદરી હવે હૃદયની સુંદરી બનવા તરફ વળી ગઈ!

સાકેતનગરીએ તે દિવસે બીજું કુતૂહલ દીઠું : નેહઘેલી સુંદરી શાણી બનીને નગરમાં પાછી ફરતી હતી ! સ્વજનો હર્ષઘેલાં બની એને આવકારી રહ્યાં.

અનંગકુમારનું ધર્મકાર્ય સફળ થયું. સર્વત્ર એનો જયજયકાર ગુંજી રહ્યો.

*

એ વાતને યુગોના યુગો વીતી ગયા, છતાં લાગણીના તંતુ નિર્મૂળ ન થયા.

ભૂતકાળની એ કથાનો તંતુ સમયની સાથે આ રીતે આગળ વધે છે:—

યુવરાજ મણિરથકુમાર જબરો શિકારી હતો. ઊડતાં પંખીઓને પાડી દેવાં અને તીર વેગે દોડતાં પશુઓને ઘાયલ કરવાં એને મન રમતવાત હતી. એ ધાર્યાં નિશાન પાડતો અને ભલભલાં વિકરાળ પશુઓને પડકારતાં પણ ક્યારેય પાછો ન પડતો. એ જેવો નિશાનબાજ હતો એવો જ શક્તિશાળી અને હિંમતેમર્દા હતો. શિકારનું વ્યસન જાણે એના રોમરોમમાં વ્યાપી ગયું હતું.

એ કાકંદીનગરીના રાજા કંચનરથનો પુત્ર હતો. રાજાજી હંમેશાં યુવરાજના આ વ્યશનથી ખૂબ ચિંતિત રહેતા : શિકારમાં જાનના જોખમની ચિંતા તો ખરી જ; ઉપરાંત એ વ્યવસને વળગેલાં બીજાં દુર્વ્યસનોને લીધે જિંદગી આખી જાણે દુર્ગુણોનું ઘર બની જવાનો ભય હતો. આવો દુર્વ્યસની યુવરાજ કેવી રીતે રાજપાટને સાચવવા શક્તિશાળી બને ? રાણી ઇંદીવર પણ પોતાના પુત્રને માટે રાત-દિવસ ચિંતા કર્યા કરતી.

રાજા, રાણી અને પ્રધાન વગેરે સૌ આ દુર્વ્યસનથી પાછા વળવા મણિરથકુમારને ઘણું ઘણું સમજાવતા, પણ કોઈની વાત એ કાને ધરતો નહીં—જાણે, કોઈ ભૂતના વળગાડવાળા માનવીની જેમ, એને શિકારનો વળગાડ જ વળગ્યો હતો, અને એને એ પોતે પરાધીન બની ગયો હતો. શિકારે ચડ્યા વગર એને ચેન જ પડતું ન હતું.

એ બધાંય જંગલોનો ભોમિયો બની ગયો હતો. એ જે જંગલમાં શિકારે જતો ત્યાંનાં પશુઓ, જાણે જંગલમાં દાવાનળ સળગી ઊઠ્યો હોય એમ, ત્રાહ્ય ત્રાહ્ય પોકારી ઊઠતાં. પશુ-પંખીઓનો એ સાક્ષાત્ યમરાજ બની બેઠો હતો.

એ પ્રદેશમાં એક કૌશાંબ નામે વન હતું. એ વનમાં મૃગ, સાબર, સસલાં જેવાં પામર પશુઓ વધારે વસતાં હતાં. ક્યાંક ક્યાંક વરાહ (સૂવર) પણ દેખા દેતાં. આજે મણિરથકુમાર એ વનમાં શિકારે જઈ ચડ્યો.

એણે મૃગલાંનું એક ટોળું જોયું. ગેલ કરતું નાચતું-કૂદતું એ ટોળું જોઈને મણિરથ-કુમારને આકડેથી મધ ઉતારી લેવા જેવું લાગ્યું. તરત જ એણે ધનુષ્ય ઉપર તીર ચડાવ્યું અને નિશાન લઈને તીર છૂટું મૂક્યું. ધનુષના ટંકારથી વગડો ગાજી ઊઠ્યો. મૃગલાંઓ ભયભીત બનીને ચોમેર નાસી ગયાં. એક પણ મૃગ તે દિવસે ઘાયલ ન થયું :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મણિરથકુમારનું નિશાન આજે ખાલી ગયું; માનો, એ નિષ્ફળ તીર એના અભિમાની અંતરને જ ઘાયલ કરતું ગયું ! એ માથું ઢાળીને વિમાસી રહ્યો : આજે આ કેવું આશ્ચર્ય !

થોડી જ પળો પછી એણે માથું ઊંચું કરી સામે નજર કરી તો એના કરતાંય મોટું આશ્ચર્ય સામે ખડું હતું : ધનુષ્યના ટંકારથી ભયભીત બનીને નાનાં-મોટાં બધાંય મૃગલાં ત્યાંથી નાસી ગયાં હતાં, પણ એક સુકુમાર મૃગલી મણિરથકુમાર તરફ જ પોતાની આંખો સ્થિર કરીને સ્વસ્થપણે ત્યાં ખડી હતી ! એને અત્યારે કોઈ પણ ભય સતાવતો ન હતો; જાણે પોતાના આંગણામાં સહીસલામત હોય એવી નિર્ભય બનીને એ ઊભી હતી.

મણિરથકુમાર પણ એની સામે પળવાર અનિમેષ નેત્રે જોઈ રહ્યો. બીજી પળે એને વિચાર આવ્યો : કદાચ એ ભોળા પશુના અંતરમાં ભયની સ્તબ્ધતા વ્યાપી ગઈ હોય અને, એનાં ગાત્રો શિથિલ થઈ જવાને કારણે, એ ચાલવા–દોડવા અશક્ત બની ગઈ હોય !

એ ધીમે પગલે મૃગલી તરફ આગળ વધ્યો, પણ મૃગલી તો હજીય એની સામે નજર ઠેરવીને જ ખડી હતી. મણિરથ મૃગલીને પંપાળવા લાગ્યો. મૃગલી એની સાથે ગેલ કરવા લાગી. મૃગલીની આંખો લાગણીથી કંઈક ભીની બની ગઈ. એ જોઈને મણિરથ-કુમારની આંખોમાં પણ જળજળિયાં આવી ગયાં.

આજનો દિવસ ભારે વિચિત્રતા લઈને ઊગ્યો હતો. જાણે શિકાર કરતાં કરતાં આજે એનું અંતર જ વીંધાઈ ગયું હતું, અને એમાંથી દયા, મમતા, કરુણાનો સાવ અપરિચિત રસ ઝરવા લાગ્યો હતો. આવી લાગણીશીલતાનો ભાર એનું કઠોર હૈયું ન ઉઠાવી શક્યું. એ પાછો ફરીને ચાલવા લાગ્યો તો પેલી મૃગલી પણ, જાણે એની સાથીદાર હોય એમ, પાછળ પાછળ આવવા લાગી. જાણે એ મૃગલીની મૂક વાણી એના અંતરને જગાડી ગઈ હોય એમ મણિરથકુમારે પોતાના ધનુષ અને તીરના ટુકડા કરીને ફેંકી દીધા; અને હવેથી કોઈ પણ જીવનો શિકાર નહીં કરવાની પ્રતિજ્ઞા કરી !

પણ હજીય એના અંતરને નિરાંત ન વળી : વારેવારે એના અંતરમાં એક જ સવાલ ઊઠતો હતો કે આ મૃગલીને અને મારે એવો તે કેવો સંબંધ હશે કે મારા જેવા ક્રૂર માણસથી ભય પામીને નાસી જવાને બદલે મારા નજીકમાં રહેવામાં જ એ શાતા અનુભવે છે? પણ એનો ઉત્તર મળવો સહેલો ન હતો. અને આ પ્રસંગનો ભેદ મેળવ્યા વગર એના ચિત્તને નિરાંત પણ થવાની ન હતી. એ તો ઊંડા વિચારમાં ઊતરી ગયો.

વિચાર કરતાં કરતાં એને નગરમાં બોલાતી વાત યાદ આવી કે આજે સર્વજ્ઞ ભગવાન મહાવીર નગરના ઉદ્યાનમાં સમોસર્યા છે. એ મહાજ્ઞાની ભગવાન ભલભલા કોયડાનો ભેદ ઉકેલી આપે છે. અને મણિરથકુમારે ભગવાનના સમવસરણ તરફ ઝડપથી પગ ઉપાડચા.

એના અંતરમાં અત્યારે એક જ ઝંખના હતી કે ક્યારે પ્રભુ પાસે પહોંચું અને ક્યારે આ વાતનો મર્મ પામું.

*

ભગવાન મહાવીરની ધર્મદેશના પૂરી થઈ અને પર્ષદા વીખરાઈ ગઈ; પણ રાજા કંચનરથ પોતાની રાણી સાથે ત્યાં જ બેસી રહ્યા. એમને તો રાજ્યના અને યુવરાજના ભાવીની ચિંતા હમેશાં સતાવ્યા કરતી હતી. એમણે ભગવાનને પ્રશ્ન કર્યો : "ભગવાન!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારો પુત્ર મણિરથકુમાર ભવ્ય છે કે અભવ્ય? એનું ભાવી કેવું છે?"

ભગવાને ઉત્તર આપ્યો: "રાજન્, તમારો પુત્ર ભવ્ય છે એટલું જ નહીં, એ આ ભવે જ મોક્ષના શાશ્વત સુખનો અધિકારી બનવાનો છે. અત્યારે એ આ તરફ જ આવી રહ્યો છે, અને એની સાથે એક મૃગલી પણ અહીં આવી રહી છે!"

ભગવાનની વાણી પૂરી થઈ અને મણિરથકુમાર અને મૃગલી ત્યાં આવી પહોંચ્યાં.

મણિરથકુમાર ભગવાનના ચરણોમાં ઝૂકી ગયો. રાજા-રાણીએ જોયું કે એનો અવતાર જ બદલાઈ ગયો હતો! એમનાં અંતર શાંતિ અનુભવી રહ્યાં.

પછી મણિરથકુમારની જિજ્ઞાસાને પૂરી કરતાં ભગવાન મહાવીરે કરુણાભર્યા સ્વરે કહ્યું: "મહાનુભાવ, સ્નેહતંતુના તાણાવાણા બહુ મજબૂત હોય છે; અને યુગોના યુગો વીતવા છતાં એ નાશ પામતા નથી. એના રહસ્યને પામવાનું બધાને માટે સહેલું નથી."

કુમાર પ્રભુની વાણીને હૃદયના કચોળામાં ઝીલી રહ્યો.

ભગવાને વાતનો ભેદ ખુલ્લો કરતાં કહ્યું: "કુમાર, યુગોના યુગો પહેલાંની વાત છે. ત્યારે તારો જીવ, મારો જીવ અને આ મૃગલીનો જીવ સ્નેહના સુકોમળ છતાં અતૂટ બંધનથી બંધાયેલા હતા: તું ત્યારે સુંદરી નામે સ્ત્રીના અવતારે હતો; મારા આત્માએ એ સમયે અનંગકુમારનું ખોળિયું ધારણ કરેલું હતું; અને મૃગલી તે કાળે શ્રેષ્ઠીપુત્ર પ્રિયંકરના અવતારે હતી. પ્રિયંકર અને સુંદરી વચ્ચે ત્યારે પતિ-પત્ની રૂપે અવિહડ સ્નેહ હતો. જુગજુગ વીત્યા પછી આજે વેરાન વગડામાં સ્નેહનો એ તંતુ આ મૃગલીમાં સજીવન બન્યો! સંસારનાં મોહ-માયાનાં બંધન આવાં અતૂટ અને યુગોના યુગો સુધી ટકી રહે એવાં હોય છે. જે ધર્માત્મા સંયમને માર્ગે સમતાની આરાધના કરી, કોઈનેય નુકસાન કર્યા વગર, એ બંધનથી મુક્ત થાય છે તે મોક્ષના અનંત આનંદનો અધિકારી બને છે."

મણિરથકુમાર પ્રભુની વાણીને અભિનંદી અને અભિવંદી રહ્યો.

એણે સદાને માટે ભગવાન મહાવીરના ચરણમાં પોતાનું સ્થાન શોધી લીધું.*

---

* આ કથામાં ભાઈ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ કેટલોક ફેરફાર કરીને એને મઠારી આપી છે, એની ધન્યવાદ સહ અહીં નોંધ લેવી ઘટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org